॥ तमसो मा ज्योतिर्गमय ॥

# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

(Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૬ | સપ્ટેમ્બરથી ડિસેમ્બર-૨૦૧૪ | ✻ વાર્ષિક લવાજમ : રૂ. ૫૦/- | ✻ છુટક નકલ રૂ. ૫/- | સળંગ અંક : ૪૭ થી ૫૦

✻ **તંત્રીશ્રી :**
પ્રિ. ડૉ. વિમલ જોષી

✻ **મદદનીશ તંત્રીશ્રી :**
શ્રી સુમનભાઈ પારેખ
(ગ્રંથપાલ)

✻ **સહ તંત્રીશ્રીઓ :**
ડૉ. ગોવિંદ સી. કાછીઆ
(આમંત્રિત)
ડૉ. ગિરીશ ચૌધરી
પ્રા. વિજય પટેલ
પ્રા. કે. આર. વણકર
પ્રા. ઉમેશભાઈ એન. પટેલ
પ્રા. એ. વી. પંડ્યા
પ્રા. બી.ડી.જોષી
શ્રી પરેશ પટેલ

✻ **વિદ્યાર્થી સંપાદકો :**
સોની જય જી.
પૃથા શાહ
પટેલ હિરેન એચ.

✻ **ફોટોગ્રાફર :**
શ્રી રાજુલ એસ. પરમાર

✻ **પ્રકાશક :**
શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ,
પેટલાદ.
પોસ્ટ બોક્સ નં. : ૨૩
મુ. પેટલાદ - ૩૮૮ ૪૫૦.
જિ. આણંદ - ગુજરાત.
ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬
Website :
www.petladcollege.com

## સમસ્યા બહાર નહીં, આપણી દષ્ટિમાં છે.

આપણે સમસ્યાઓને જે રીતે જોઈએ છીએ તે જ ખરેખર સમસ્યા છે. કેટલાંક ઉદાહરણો જોઈએ -

૧. *" મેં મેનેજમેન્ટની તાલીમના કેટલાય કાર્યક્રમોમાં ભાગ લીધો છે. હું મારા કાર્યકરો પાસેથી ઊંચી અપેક્ષા રાખું છું અને તેમની સાથે મિત્રભાવ કેળવવા, કે તેમની સાથે સાચી રીતે વ્યવહાર કરવા ખૂબ મહેનત કરું છું પણ તેઓ મને વફાદાર નથી. જો એક દિવસ હું ગેરહાજર હોઉં તો તેઓ સમયનો ઉપયોગ ગપ્પાં મારવા જ કરશે. હું તેમને સ્વતંત્ર અને જવાબદાર કેમ બનાવી શકતો નથી ? "*

વ્યક્તિત્વ-વિકાસ-નીતિ એમ કહે છે કે હું કોઈ ધરખમ પગલાં લઈ એવી પરિસ્થિતિનું નિર્માણ કરી શકું છું, જેથી તેઓને પોતાની કિંમત સમજાય. અથવા હું એમ માનું છું કે કોઈ પ્રોત્સાહક તાલીમ-કાર્યક્રમ દ્વારા તેમની પાસે સારું કે વધારે કામ કરાવી શકાશે.

પણ શું એ શક્ય છે કે કાર્યકરોની બિનવફાદાર વર્તણૂક, એ ખરેખર મારી પોતાની વર્તણૂકને જ પ્રશ્ન કરતી હોય ? હું તેમને કોઈ યંત્રમાનવો સમજતો હોઉં તેમ તેમને લાગતું હોય એવું સંભવ છે ? ખરેખર મારી અંદર ઊંડે ઊંડે હું તેમને કેવી રીતે જોઉં છું ? એવું બની શકે કે હું જે રીતે તેમને જોઉં છું તેમાં જ સમસ્યા છુપાવેલી હોય ?

૨. *" મારે કેટલુંય કરવાનું છે અને ક્યારેય સમય તો પૂરતો હોતો જ નથી. આખા અઠવાડિયા દરમ્યાન, દરરોજ હું તણાવમાં અને ગૂંચવણોમાં જ જાણે જીવ્યા કરું છું. મેં ટાઈમ મેનેજમેન્ટના અને વિવિધ આયોજન-વ્યવસ્થાઓ પરના સેમિનારોમાં પણ ભાગ લીધો છે. તેમણે મને કાંઈક અંશે મદદ કરી છે. પણ મને નથી લાગતું કે હું ખરેખર ખૂબ સુખી, ઉત્પાદક અને શાંતિપૂર્ણ જિંદગી જીવી રહ્યો છું, જેવું જીવવા મેં સદાય ઝંખ્યું છે. "*

વ્યક્તિત્વ-વિકાસ-નીતિ મને એમ કહે છે કે બહાર ક્યાંક એવી પદ્ધતિ, એવા સેમિનાર મને મળી જશે, જેનાથી હું મારા તણાવો, વગેરેને વધુ કાર્યક્ષમ બનીને સુલઝાવી શકીશ.

પરંતુ એવું પણ હોઈ શકે કે કાર્યક્ષમતાએ ખરેખર સમસ્યા જ ન હોય ? ઓછા ને ઓછા સમયમાં વધુને વધુ કામ કરવાથી શું ફર્ક પડી જશે ? કદાચ એવું તો નહીં થાય કે તેનાથી તો હું લોકોને અને સંજોગોને જે પ્રતિક્રિયાઓ આપ્યા કરું છું તેની માત્ર ઝડપ જ વધી જશે ?

કદાચ મારે વધુ ઊંડાણપૂર્વક, વધુ મૂળભૂત-કાંઈક જોવા-સમજવાની આવશ્યકતા હોય તો..? કશુંક એવું જેમાંથી હું મારી જિંદગી, મારો સમય અને મારા સ્વભાવને જોઈ રહ્યો હોઉં, તેને સમજવાની જ મારે જરૂર હોય તો ?

૩. " મારું લગ્નજીવન વેરણછેરણ થઈ ગયું છે. અમે કાંઈ લડીએ-ઝઘડીએ છીએ એવું નથી. પણ જાણે અમારી વચ્ચેના પ્રેમનું ઝરણું તદ્દન સુકાઈ ગયું છે. અમે કાઉન્સિલિંગ માટે ગયાં; બીજા પણ ઘણા રસ્તે પ્રયત્ન કરી જોયો પણ અમને પહેલાં જે લાગણીઓ થતી હતી તે હવે ફરી જાગી શકતી જ નથી... "

વ્યક્તિત્વ-વિકાસ-નીતિ મને કહે છે કોઈ એવું પુસ્તક, કોઈ એવો સેમિનાર મળી જાય જેની મદદથી લોકો પોતાની લાગણી મોકળાશથી વ્યકત કરી શકતા હોય, તો એમાંથી કદાચ મારી પત્ની પણ શીખી શકે અને પછી મને વધુ સારી રીતે સમજી શકે નહીં તો પછી એવું પણ બની શકે કે આ બધું વ્યર્થ હોય અને છેવટે કોઈ નવા સંબંધમાંથી જ મને પ્રેમ મળી જાય તો...

પણ એવું બની શકે કે મારી પત્ની ખરેખર સમસ્યા ન હોય ? એવું બની શકે કે હું જ મારા જીવનસાથીની નબળાઈ માટે જવાબદાર હોઉં ? એવું બની શકે કે જીવનસાથી, લગ્ન કે પ્રેમ વિશેના મારા 'નકશાઓ' માં જ ક્યાંક સમસ્યાનો ઉદ્‌ગાર નહિ હોય ?

આલ્બર્ટ આઈન્સ્ટાઈને કહ્યું છે કે -

**" સમસ્યાઓ સર્જાય છે ત્યારે આપણે જે માનસિક કક્ષાએ હોઈએ છીએ તે જ વૈચારિક કક્ષાએ રહીને આપણે તેમને ઉકેલી શકીએ નહીં. "**

આ પુસ્તકમાં આપણે આવા જ કોઈ નવી કક્ષાના માનસની, નવાં જ મનાંકનોની વાત કરવા જઈ રહ્યા છીએ. તેમાં સૌથી પહેલાં અંદર, હૃદયમાં ઊંડે ઊંડે જોઈ, પોતાનાં નકશાઓ, પ્રયોજનો અને ચારિત્ર્યને સમજવાથી શરૂઆત કરવાની રહે છે.

આનો અર્થ એમ થયો કે સુખી લગ્નજીવનની તમને ઝંખના હોય તો એવા જીવનસાથી બની રહો કે જે સંબંધોમાં હકારાત્મક ચેતનાનું સર્જન કરે. જો તમે સંતાનોને સહકારપૂર્ણ, ખુશખુશાલ જોવા ઝંખતા હો તો વધુ સમજદાર, વધુ સાતત્યપૂર્ણ અને પ્રેમાળ વાલી બની રહો. જો તમારે વધુ સ્વતંત્રતા જોઈતી હોય તો વધુ યોગદાન આપો, વધુ જવાબદાર બની રહો. જો તમે વિશ્વાસુ બનવા ઈચ્છતા હો તો વિશ્વાસપાત્ર બની રહો.

આ સિદ્ધાન્તકેન્દ્રી, ચારિત્ર્ય-વિકાસ-નીતિની ભૂમિમાંથી પ્રગટેલી વિચારધારા છે. આ વિચારધારામાંથી પ્રગટેલી સાત વિલક્ષણતાઓને બધા જ મહામાનવોએ પોતાના જીવનમાં કેળવેલી હોય છે. આ વિલક્ષણતાઓનું રહસ્ય દરેક મનુષ્યના હૃદયની અંદર જ છુપાયેલું પડ્યું છે.

**આપણને સમસ્યાઓ છે તેટલા માટે આપણે વ્યગ્ર હોતા નથી.**
**આપણે વ્યગ્ર બનીએ છીએ એટલા માટે આપણને સમસ્યાઓ છે.**

**(મહાન હૃદયોના સારેગમપધનિ-સંજીવ શાહ)**
**- સંકલન : સુમનભાઈ પારેખ (ગ્રંથપાલ)**

# ।। વાર્તાનો આસ્વાદ ।।

## જમનાનું પૂર

### (રા.વિ.પાઠક)

એક કોડભરી સ્ત્રી પોતાના મનોરથો પૂરાં કરવા કેવાં સાહસ અને સંઘર્ષ કરે છે અને એ કરતાં પોતાના જીવનની આહુતિ કેવી રીતે આપે છે એનું આલેખન કરતી દ્વિરેફની 'જમાનાનું પૂર' કલાત્મક વાર્તા છે. જે કાવ્યમય શૈલીમાં લખાયેલી બીજી વાર્તાઓ કરતાં જુદી જ છે. તેથી જ રસિકલાલ પરીખ કહે છે : 'જમનાનું પૂર' એ ગદ્ય કવિતા છે... આ વાર્તા એક લીરિક જેવું શબ્દચિત્ર છે. એને વાર્તા કહેવા કરતાં ગદ્યકાવ્ય કહેવાનું હું વધારે પસંદ કરું છું.' (પૃ. ૧૦૩, ટૂંકીવાર્તા : કલા સ્વરૂપ)

'જમનાનું પૂર ' એ વાર્તા નથી, કાવ્ય છે, 'ગદ્યદેહે વિચરતું ઊર્મિકાવ્ય' એ ટૂંકીવાર્તા માટે શ્રી વિશ્વનાથ ભટ્ટે કરેલું વિધાન છે. આ વાર્તા સંદર્ભે સર્વથા સાચું પૂરવાર થાય છે. એક સ્ત્રી 'જમના' નદીમાં ધસમસતો પાણીનો પ્રવાહ વેગથી આવી રહ્યો છે એવા જલમાં દીવો તરતો મૂકવા આવે છે. બીજી બધી સ્ત્રીઓ કરતાં પોતાનો દીવો વધુ ગતિએ આગળ વધે, દૂર સુધી જાય એ જોઈ શકાય એવી અપેક્ષા વાર્તામાં વ્યકત થઈ છે.

પૂરથી ગાંડીતૂર જમનામાં માછીમારો હોડી મૂકવાની ના પાડે છે. તેથી ઘાટનો એક ભાગ જે નદીના પ્રવાહમાં મધ્યભાગ સુધી પહોંચતો હતો. ત્યાં જઈ લાકડીની મદદથી નાયિકા પોતાનો દીવો પૂરમાં પહોંચતો કરી તરતો મૂકે છે. પોતાના દીવાની પ્રગતિ જોવા તે મંદિરના પગથિયાં ચઢી શિખર ઉપર ચડે છે. નદીના વળાંકમાં વહેતા દીવાને જોવા તે જરા એક તરફ વાંકી વળે છે તે સમયે જ તેનો પગ લપસે છે અને નદીના નીરમાં જઈ પડે છે. આમ, કાલિંદીના નીર તેને પોતાનામાં સમાવી લે છે અને નાયિકા ડૂબી જાય છે.

શ્રી ગગનવિહારી મહેતા આ વાર્તાને 'અહંકારના પતનની કથા' કહે છે. શ્રી રસિકલાલ પરીખ તે વિશે શંકા વ્યક્ત કરે છે તે સત્યની વધુ નજીક છે. કારણકે લેખક તો એક શબ્દચિત્ર દ્વારા કરુણ ઘેરું ચિત્ર સર્જવા માગે છે એથી વિશેષ કાંઈ નહીં. (પૃ. ૧૦૪, ટૂંકી વાર્તા-કલા સ્વરૂપ)

કવિ 'જગતનાં પૂરનો હેતુ શો હશે ?' એવો પ્રશ્ન કરી કાલિન્દીનાં પૂર સાથે જગતનાં પૂરને સાંકળી લે છે. આ રૂપકમાં જે વિરોધ નિરૂપણ કવિએ કર્યું છે તે તપાસતાં તેમાંના વ્યંગનો તરત જ બોધ થાય છે. દીવા તો બધી સ્ત્રીઓ મૂકતી હતી પરંતુ 'સર્વ સ્ત્રીઓ દીવાની મમતા મૂકી આખા દશ્યના સૌંદર્યમાં લીન થઈ હતી'... 'આ અદ્‌ભુત દશ્યની સુંદરતા, ભવ્યતા અને ભક્તિમાં લીન થઈ આત્મભાન ભૂલી



અંક : ૪૭ થી ૫૦

સ્તબ્ધ ઊભી હતી' (પૃ.૧૮, જમનાનું પૂર) ત્યારે આ સ્ત્રી પોતાના દીવા માટેનું મમત્વ છોડી શકી નથી. આમ, અહંમભાવથી પ્રેરાઈ તે મંદિરને શિખરે પહોંચી લપસે છે.

'જે કાલિન્દીએ કૃષ્ણને જવા માર્ગ આપ્યો હતો તેણે પોતામાં તરતા કાચબા અને માછલી જેટલી, અને તેણે તરતા મૂકેલા દીવા જેટલી પણ દરકાર કર્યા વિના તેને પોતાનામાં ગુમ કરી દીધી...' એમ શા માટે ? કાલિન્દીએ કૃષ્ણને જવા માર્ગ આપ્યો ત્યારે તે બાળકનું નિરહંકારી સ્વરૂપ હતું. પેલા કાચબાઓ, માછલીઓ અને આ સ્ત્રીએ મૂકેલો દીવો પણ નિરહંકાર સ્વરૂપ છે. તેમને કાલિન્દીએ તાર્યા તો આ અહંભાવનો પથ્થર બાંધીને પડનારીને યમુનાએ ડૂબાડી.' (પૃ. ૧૫૪, અનુમોદ)

જે કાલિન્દી ધ્યાનસ્થ યોગી જેવા અનેક ઉચ્ચ પર્વતોના પગ ધુએ છે. જગતનો મેલ પોતાના વેગમાં ખેંચી જાય છે. તળ ઉપરનાં ખેતરો ફળદ્રુપ કરે છે. સત્કર્મના અનેક દીવાઓ પણ ધારણ કરે છે-કદાચ તેનો દીવો પણ ધારણ કર્યો છે છતાં પણ ''મારો દીવો સૌથી આગળ જઈ સર્વેને વિસ્મિત કરશે'' (પૃ. ૧૯, જમનાનું પૂર) આ અહંભાવિતાની મૂર્તિના અહંભાવને જરા જેટલોયે કાલિંદીએ પોષ્યો નહિ. એનો દીવો હજુ ઝળહળતો છે એ જાણી સંતોષ મેળવવા દેતી નથી. જગતનો પ્રવાહ આવો છે ! જગતનો પ્રવાહ કર્તૃત્વનું અને મમત્વનું વિલોપન તથા અહંભાવનું વિગલન માગે છે.

વાર્તાનાયિકને પોતાની ઈચ્છા પરિપૂર્ણ કરવાની અતિ મહેચ્છા છે. તેથી એક સાંજે યમુના નદીના કિનારે જઈ પૂર સામે જોઈ મનમાં બોલે છે 'આજે ઘણા દિવસોના મનોરથ પૂરા થશે.' (પૃ. ૧૭, જમનાનું પૂર) અહીં સ્ત્રીની અતિમ મહત્ત્વકાંક્ષા એ છે કે પોતાનો દીવો પાણીના પ્રવાહના વેગમાં સૌથી આગળ જઈ સૌને આશ્ચર્યમાં મૂકી દે. તેથી તે માછીમાર ભાઈઓને પણ વિનંતી કરે છે. પરંતુ યમુના નદીમાં પૂર આવ્યું હોવાથી તેઓ પાણીના પ્રવાહમાં જવાની હિંમત કરતા નથી. માટે તે ત્યાંથી ઝડપભેર મંદિર તરફ જતી રહે છે.

સાંજના સમયે મંદિરમાં યમુનાજીની નિત્ય આરતી થાય છે. એ ત્યાં પહોંચે છે ત્યારે જુએ છે કે અનેક સ્ત્રીઓ નાના પડિયામાં દીવો કરી ઘાટ ઉપરથી પ[illegible]ીમાં પડિયા તરતા મૂકે છે. કોઈ પવનથી, કોઈ પાણીના વેગથી, કોઈ માછલાંની ઝાપટથી ધકેલાઈ અનેક પડિયાઓ જમનાના પ્રવાહમાં તરતા હોય છે. દીપોથી ઘેલી કાલિન્દી આજે મેઘ કલુષિત સ્વર્ગગંગા સમી હસે છે. આવા પ્રકૃતિના સાન્નિધ્યને નિહાળતાં-નિહાળતાં નાયિકાના મનમાં અહંભાવના પ્રગટ થાય છે. તેથી તે પ્રવાહ મધ્યે પોતાનો દીવો તરતો મૂકવાનો પ્રયત્ન કરે છે. બે વારના પ્રયત્નો નિષ્ફળ જતાં ત્રીજા પ્રયત્ને લાકડીને છેડે દોરી લટકાવી સળગતો દીવો બાંધી લાકડીને ઠેઠ પાણીના પ્રવાહ ઉપર લઈ જઈ દીવો પાણીમાં તરતો મૂકે છે. તણાતા દીવા ઉપર જરા લાકડી નમાવી, તેનો દોર એ દીવે જ બાંધી ઉપાડી લે છે. તેથી દીવો બરાબર છૂટો થઈ પ્રવાહ મધ્યે પડી વેગભેર ચાલવા માંડે છે એ જોઈ નાયિકા પોતાની ઈચ્છા પરિપૂર્ણ થશે એવી અનુભૂતિ કરે છે.

કાલિન્દીના ધસમસતા પૂર ઉપર તરતા દીવાને જોઈને એ વિચારે છે કે ઘણા દિવસે આજે મારી મહત્ત્વાકાંક્ષા પરિપૂર્ણ થશે. પરંતુ બીજી સ્ત્રીઓ કરતાં એના મનોવિચારો અનોખા છે. તેથી એ કહે છે 'મારો દીવો સૌથી જુદો છે, સૌથી મોટો છે, સૌથી વધારે વખત ચાલશે, આટલા પ્રવાહની મધ્યમાં મારો દીવો દૂરમાં દૂર જશે અને કેટલેય સુધી દૂરદૂરનાં ગામો એને જોઈ વિસ્મય પામી કહેશે : 'અહો ! આનો દીવો કેવો છે ?' (પૃ.૧૮, જમનાનું પૂર) એમ કહેનાર નાયિકાનું સ્વાભિમાન પ્રગટ થતું જોવા મળે છે.

એકબીજાને શોભાવતા દીવાઓ જુદા-જુદા વેગે જતા હતા ત્યારે તેનો એકલો દીવો રણ વગડામાં એકલા ખજૂરીના ઝાડ જેવો તણાયે જતો હતો. સર્વ સ્ત્રીઓ દીવાની મમતા મૂકી આખા દશ્યના સૌંદર્યમાં લીન હતી ત્યારે તે એકલી અટૂલી પોતાના દીવાની પેઠે એકલી ઊભી રહી પોતાનો દીવો જોઈ રહે છે. તેને પોતાનો દીવો સુંદર અને ભવ્ય દશ્યનો એક અંશ બને તે જોઈતું નથી. બધા દીવાઓ ભેગા મળી જે દશ્ય નિષ્પન્ન કરે છે તેના કરતાં ભિન્ન એવું સુંદર અને વિસ્મયજનક દશ્ય તેનો દીવો એકલો જ નિષ્પન્ન કરે એવી ઝંખના તે સેવે છે. જેમ તે પોતાની અલગ વ્યક્તિતા જાળવી રાખવા માંગે છે. તેમ પોતાના દીવાની વ્યક્તિતા પણ અલગ જ રહે એમ તે ઈચ્છે છે. આવા અહંભાવથી રાચતી નાયિકામાં અભિમાન પ્રગટતું જોવા મળે છે.

પોતાનો દીવો દૂર-સુદૂર જાય છે એ દૂર જતો દીવો જોઈ આનંદ અનુભવતી દીવાને દૂર જતો જોવા માટે તે મંદિર ઉપર ચડે છે. પાણીના પ્રવાહમાં આગળ ધપતા દીવાને જોવા મંદિરના શિખર ઉપર ચડે છે ત્યાં જઈને જુએ છે અને આશ્ચર્ય અનુભવે છે. વિચારે છે કે 'દીવો ક્યાં ગયો ?' જે દીવાને જોઈ દૂરનાં ગામો વિસ્મય પામવાનાં છે એ મારો દીવો ક્યાં ગયો ?' એવી એવી દ્વિધા અનુભવતી દીવાને જરા નદીના વાંકમાં વળતો જુએ છે તે જોવા તે એક તરફ વાંકી વળે છે. તે સમયે તેનો પગ લપસે છે અને યમુના નદીમાં પડે છે. આમ, તેણે મુકેલા પેલા દૂર જતા દીવા જેટલી પણ દરકાર કર્યા વિના તેને યમુના નદી પોતાનામાં ગૂમ કરી દે છે તેની કોઈને ખબર પણ પડી નહિ. આમ, પોતાનામાં જ રાચતી સ્ત્રીનું અંતે મૃત્યુ થાય છે.

જ્યારે અહંકારી માનવી પોતાનામાં રચ્યો પચ્યો રહે છે અને બીજા કરતાં પોતાની જાતને વિશેષ મહત્ત્વ આપી મહત્ત્વકાંક્ષા અનુભવે છે ત્યારે એવા મિથ્યાભિમાની માનવનું હંમેશાં પતન થતું હોય છે. આમ, અહીં પણ વાર્તાનાયિકા પોતાના દીવાના અહોભાવમાં રાચતી બીજા કરતાં પોતાના દીવાને જોઈ પોતાની જાતને વિશેષ પ્રાધાન્ય આપે છે. અને એમ કરતાં પોતાના જીવનની આહુતિ આપી દે છે.

લેખકે એક સુંદર મનોહર શબ્દચિત્ર દોરી અંતમાં એની કરુણ કથા થોડા શબ્દોમાં રજૂ કરી છે. પાત્રનું નામ નથી પરંતુ જમનામાં દીવા મૂકવાની એક ખૂબ જ પ્રચલિત કથાનો આશ્રય લઈ માનવના મનમાં જે અદમ્ય ઝંખના જન્મે છે; કશુંક નવું કરવાની તમન્ના જાગે છે. તેને લેખકે લિપિબદ્ધ કરવાનો સુંદર પ્રયત્ન કર્યો છે.

- ડૉ. ગિરીશ ચૌધરી
(ગુજરાતી વિભાગ)

* * *

## આશા

ફોરમ બની મહેકવું.
પંખી બની ટહેકવું.
ચંચળ બની ભળવું,
ટીપું બની વરસાવું
પ્રકાશ બની પથરાવું,
ચાંદની બની ચમકવું,
જીવનમાં આજ મારે
આશા બની ઝબકવું.

# આજની સોશિયલ નેટવર્કીંગ વેબસાઈટ

શું આજની સોશિયલ નેટવર્કીંગ વેબસાઈટ સોશિયલ છે ? પરંતુ એ વાત પર વિચાર કરવો ઘટે છે કે નેટવર્ક તો આપણા માટે છે. આપણે એને ભરપૂર વાપરીયે છીએ એટલે એ નેટવર્ક સોશિયલ તો છે જ એમાં ના નથી પરંતુ પ્રશ્ન એ છે કે આ સોશિયલ નેટવર્ક ખરેખર સોશિયલ છે? અને એમાંય વળી ભારત જેવા વિકાસશીલ દેશ માટે સોશિયલ કહેવા લાયક છે ? તેનો ઉત્તર જરૂર મળશે પણ પહેલાં એ જાણવું જરૂરી છે કે સોશિયલ કહીશું કોને ? કારણ કે જો પાયો જ ન હોય તો ઈમારત ક્યાંથી બનશે ભાઈ ! અને આમ પણ માણસ એક સામાજિક પ્રાણી છે. તો આ સામાજિક પ્રાણીને તેના સમાજની પૂરતી વ્યાખ્યા તો ખબર હોવી જોઈએને કે સોશિયલ કોને કહીશું ? **What is the mening of Social ?**

**Social means" Releating to socity and socity is organis it "**

અર્થાત્ જે માનવ સમાજ સાથે જોડાયેલો છે તેનું સર્જન અને રચના પણ સમાજ જ કરે છે. 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના રેલાવનાર ભારત કે જે એક સમયમાં નિષ્ઠા, પ્રામાણિકતા, ઉદારતા, ધૈર્યતા, વીરતા, શૂરવીરતા, નૈતિકતા જેવા ગુણોથી મઘમઘ હતું જેને વિશ્વના દેશો ગુરુ ગણીને પૂજતા હતા, એ ભારતે ચડતી પડતીના કંઈક આક્રમણો પછી પણ પોતાનું સ્થાન જાળવી રાખ્યું. પરંતુ આ ગુણોની કિંમત છેલ્લા કેટલાય સમયથી ઘટવા ભાગી છે. આની પાછળ જવાબદાર કોણ ?

" અમને નાખો જિંદગીની આગમાં
આગને પણ ફેરવીશું બાગમાં
સર કરીશું અમે સૌ મોરચા
મોતને પણ આવવા દો લાગમાં... "

આવી વાતો કરતું આ અજ્ઞાની યુવા ધન ક્યાંકને ક્યાંક **Social Network** દ્વારા ગેરમાર્ગે દોરાઈ રહ્યું છે. જે ભાઈને આજે કકો, બારાક્ષરી નથી આવડતી તે ભાઈ ફેસબુક ઉપર ચેટીંગ કરે છે. **Orkoot** માં તેનું એકાઉન્ટ છે. ને **You tube** ની **Hot Video** ને તો બે હાથ અને ત્રીજું માથું નમાવીને વંદન કરે છે હો ભાઈ !

હું એમ નથી કહેતો કે સોશિયલ નેટવર્કીંગ ખરાબ છે. પણ એ ભારત જેવા વિકાશશીલ દેશ માટે પાયારૂપ પણ એટલું જ છે. જો આજે સોશિયલ નેટવર્કીંગ ન હોત, ઈન્ટરનેટ ન હોત તો આપણે **Email** ક્યાંથી કરી શકત ? **Google** જેવું સર્ચ એન્જિન ના હોત તો દુનિયાને **Social Network** પર શોધવું મુશ્કેલ ભર્યું હોત અને શેરબજાર તો તેના વગર પાગળું જ હોત : રિમોટ સેન્સીંગ અવકાશી સર્વેક્ષણ અને સંશોધન, ક્રાઈમ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટ જેમાં આ **Social Network** ભરપૂર માત્રામાં વપરાય છે. રેલ્વે, બસ, ટ્રેન, ટ્રામ, મેટ્રો, એરલાઈન્સ (ફ્લાઈટ) વગેરેનું ટિકિટ ઘરે બેઠા જ મેળવી શકાય છે. બાળકોને અભ્યાસમાં ઉપયોગી એવા વિવિધ પ્રકારના સોફ્ટવેર જેવા કે, **Paint, Power Point, Exceal, Dictionary, Online Sylebulss Elarning** અને **Libreri** આજે અવેલેબલ છે. હવામાન, તાપમાન અંગેની જાણકારી તથા કુદરતી આફતો સામે મળતું ડોનેશન એ સોશિયલ નેટવર્કીંગ દ્વારા જ મળે છે. અત્યારે તમામ ગર્વમેન્ટ ભરતી ઓનલાઈન થાય છે. આ સોશિયલ નેટવર્ક તો માનવ સમાજ સાથે જોડાઈ ગયું છે. જુઓ અત્યારે અહીં હું તમારી સામે **Speech** આપું છું. અને પેલા ભાઈએ મારો ફોટો **Face Book** પર **Online Uplode** કરી દીધો ખરેખર ૨૧ મી સદી માટે આ સોશિયલ નેટવર્ક તો આશીર્વાદ રૂપ જ છે. બીજું એવું તો ઘણું છે જે હું અને તમે કદાચ જાણતા નહીં હોઈએ અને એમાંય વળી નરેન્દ્ર મોદી જે ગુજરાતનું ગૌરવવંતુ ગૌરવ છે. તે પણ **Social Media** ના ખૂબ આગ્રાહી છે.

પરંતુ મને હજુ એ વાત યાદ છે કે ૨૦૧૧ માં ચાલી રહેલી **Teachers training** દરમ્યાન નરેન્દ્ર મોદીએ એક વાત કહી હતી, 'એક ટોપલામાં ૧૦૦ કેરી સારી હોય, તેમાં એક કેરી બગડેલી નાખવામાં આવે તો તે બાકીની ૧૦૦ કેરીને બગાડે છે. પરંતુ દુઃખની વાત તો એ છે કે ૧૦૦ સારી કેરી ભેગી મળીને એકને સુધારી શકતી નથી.'

તેવી જ રીતે આશીર્વાદરૂપ ગણાતા **Social Network** પણ અશ્લીલતાની **Video** રૂપી દૂષણોના [illegible] માણસ સ્વતંત્ર તો બન્યો છે પરંતુ બેકાબૂ પણ બન્યો છે.

**યત્ર નાર્યેસ્તુ પુજયંતી, રમન્તે તત્ર દેવતાઃ।**
**યત્રેતા ન પુજયંતુ સર્વત્ર ક્રિયાઃ અફલાહા ॥**

જયા નારીને સમાજમાં ઊંચું સ્થાન, માન, સન્માન અપાતું; તેને પૂજવામાં આવતી તેનું જ આજે હળાહળ અપમાન થાય છે. ભગવાને આપેલી પ્રજનનની ક્રિયા કે જે નવસર્જનની ક્રિયા છે તેને મનોરંજનની ક્રિયા બનાવી દીધી છે. તેનું ઉ.દા. પી.ટી.સી. કોલેજમાં થયેલો પાટણ કાંડ, દિલ્લીમાં થયેલો ગેંગરેપ, છોકરીઓની જાતીય સતામણી, સગીર વયની બાળા સાથેના બળાત્કાર. કારણ કે આજે તો મોબાઈલમાં જ મેસેજ આવે છે, મને તો એ જ સમજાતું નથી કે **Video hot** છે કે તે જોઈને માણસ હોટ થાય છે. એટલો બધો **hot** થાય છે. એટલો બધો **hot** થાય છે કે પોતાની આગમાં પોતે જ બળીને ભસ્મ થઈ જાય છે. આ ઉપરાંત **Social Network** દ્વારા મોટી મોટી કંપનીના **Password** ચોરવા, **Website hang** કરવી , **Black meiling,** કરવું અને આતંકવાદી હૂમલા પણ થાય છે, સોશિયલ વેબસાઈટે કશું જ બાકી રહેવા દીધું નથી. હા હું એમ નથી કહેતો કે સોશિયલ નેટવર્ક ખરાબ છે.

**Social Network** તો સારું જ છે પણ તેને ક્યાં કેવી રીતે અને કેવું વાપરવું તે તો આપણા હાથની વાત છે. વાસ્તવિકતા તો એ છે કે દુનિયા ધીરે ધીરે પાસે આવતી જાય છે. અને માણસ પોતે જ પોતાનાથી દૂર થતો જાય છે. દુનિયા આજે નાની થઈ છે તો માણસ મોટો થઈ ગયો છે. આ **Social Network** દ્વારા દુનિયાના રહસ્યો ઉકેલાતા જાય છે. અને માનવજીવન ગૂંચવાતું જાય છે. ટૂંકમાં એટલું જ કહું છું કે આપણે જે સમાજમાં જીવ્યે છીએ તે સમાજની ગરિમા અને ગૌરવ જળવાઈ રહે એવી રીતે જો **Social Network** નો ઉપયોગ કરવામાં આવે તો જરૂર લાભદાયક અને સોશિયલ છે..છે..અને છે જ...

**જય સોની**
**બી.એસસી. માઈક્રો. સેમી-૪, રોલ નં. ૧૪**

* * *

# મારા N.S.S. ના અનુભવો

**N.S.S.** રાષ્ટ્રીય સેવા યોજનાનું નામ સાંભળતાની સાથે જ સેવાની ભાવના મનમાં જાગે છે. આ વર્ષે અમારી કોલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા માણેજ ગામમાં વાર્ષિક શિબિર યોજી હતી. જેમાં હું જોડાઈ. **N.S.S.** વાર્ષિક શિબિરનો આ મારો પ્રથમ અનુભવ હતો, જે મારા જીવનનું યાદગાર સંભારણું બની રહેશે. આ **Camp** દરમિયાન મને ઘણા સારા અનુભવો થયા છે. તેમાંથી જ મને ઘણું સારું શીખવાનું મળ્યું છે. આ **Camp** મને **Big Boss** જેવો લાગ્યો હતો. જેમ **Big Boss** માં સંબંધોમાં તિરાડો પડી જાય છે ને અમુક તિરાડો પૂરાઈ જાય છે. આ કેમ્પમાં મેં જોયું કે એકબીજાની સાથે કેવી રીતે રહેવું તેમજ કેવી રીતે સામેની વ્યક્તિ સાથે કેવી રીતે વાત કરવી તે પણ શીખવા મળ્યું. મારા જીવનનો એક ટર્નિંગ પોઈન્ટ કહું તો કાંઈ ખોટું નથી. આ શિબિર થકી મારા જીવનમાં સૂર્યોદય થયો હોય તેવું લાગે છે. એ સૂર્યોદયે મારા જીવનમાં વ્યાપેલા અંધકારને દૂર કરી નાખ્યો છે. આ સાત દિવસના **Camp** માં અમે લોકોએ લોકસંપર્ક, પ્રભાતફેરી જેવા કાર્યક્રમો કરેલા. **N.S.S. Camp** દ્વારા મારામાં ઘણીબધી સ્કિલ ડેવલપ થઈ છે. જેવી કે **Personality Development** વગેરે સ્કિલ વિશે પ્રત્યક્ષ અનુભવ દ્વારા ઘણું શીખવા મળ્યું. ખાસ કરીને અમારો **Stage** ફિયર દૂર થયો તથા અમારો વ્યક્તિત્વ વિકાસ તથા અમને આપણા રાષ્ટ્ર તથા માતૃભૂમિ વિશેનું ઘણુ બધું જ્ઞાન અમારામાં સારા ઉત્કૃષ્ઠ અને અનુભવી વક્તાઓ દ્વારા અમને રસપ્રદ રીતે પીરસવામાં આવ્યું હતું.

**N.S.S. (National Service Schem)** રાષ્ટ્રીય સેવા યોજના નામને સાર્થક કરતી આ શિબિર દ્વારા અમને ઘણું જાણવા અનુભવવા મળ્યું. રાષ્ટ્રીય સેવા યોજના વિશેનું સાચુ જ્ઞાન પ્રાપ્ત થયું તથા કહેવાય છે ને કે '' સેવા કરો તો મેવા મળે '' તે જ પ્રમાણે શ્રમયજ્ઞ દ્વારા અમને તે વિષય પર શીખવા મળ્યું હતું. ગામના લોકોનો સહકાર અને સદ્ભાવ ભૂલી શકાય એવો નથી. અને અત્યારે ગર્વની લાગણી અનુભવું છું કે મને મારા **N.S.S.** પ્રોગ્રામ ઓફિસર પ્રો. સુમનભાઈ પટેલે શિબિરમાં આવવા માટે પ્રોત્સાહિત કરી હતી.

**- પ્રથા શાહ**
**બી.એ. સેમી.-૨, રોલ નં. ૭૫**

* * *

# મારા જીવન વિકાસમાં શાળાનો ફાળો

'' જીવનની રંગોળી સર્જાય છે જીવનરંગો થકી
તે રંગોમાં શાળા જીવનના રંગો ભળે છે, સ્મરણો થકી. ''

આપણા જીવનમાં ઘણી વસ્તુઓનું મહત્ત્વ હોય છે. મારા જીવનમાં અને મારા વિકાસમાં મારી શાળાનું મહત્ત્વ ઘણું જ છે. મારી શાળાનું મહત્ત્વ હું વાણીમાં વર્ણવી શકતી નથી છતાં હું શબ્દો દ્વારા વ્યકત કરું છું.

હું આજે જે કાંઈ છું તે મારી શાળાને લીધે છું. જો મને શાળામાં જ્ઞાન ન મળ્યું હોત તો હું અત્યારે જે પગથિયાં પર હું છું ત્યાં ન હોત. હું અત્યારે પણ મારી શાળાના દિવસોને યાદ કરું છું. અમારી શાળામાં એવા શિક્ષકો અમોને ભણાવતા હતા તેમને આજ સુધી હું ભૂલી શકતી નથી. શાળાનાં ફક્ત શૈક્ષણિક કાર્ય ચાલતું ન હતું. પરંતુ એવું જ્ઞાન મળતું કે જીવનમાં અન્ય કૌશલ્યો કેળવવામાં મને મદદરૂપ થતું. મારી શાળા તો સંસ્કારોની સરિતા છે. જયાં ઘણા સંસ્કારોનું સિંચન થાય છે. મારામાં જે કાંઈ સારા ગુણોનો વિકાસ થયા છે તે મને શાળા થકી જ પ્રાપ્ત થયેલા છે. જેમ કે સત્ય, બલિદાન, હિંમત, અહિંસા, દેશપ્રેમ, દયાભાવ વગેરે.

શાળા દ્વારા જ હું હિંમતથી જીવન જીવતી થઈ છું ત્યાંથી પ્રાપ્ત થયેલ જ્ઞાન થકી જ આજે મારામાં હિંમત આવી છે. હું જિંદગીના કપરાં સંજોગોમાં પણ ધીરજ છોડતી નથી એવા ગુણ મારામાં ન આવ્યાં હોત તો મારામાં આજે દયા, પુરુષાર્થ, દઢ મનોબળ જેવા જે કાંઈ ગુણો છે તે ન હોત. મારી શાળાના બધા શિક્ષકો સરળ સ્વભાવના હતા. તેમને આજે પણ યાદ કરું છું. તેઓ વિદ્યાર્થીની ભૂલ સજાથી નહિ પણ સમજાવીને સુધારતા તે મને ખૂબ ગમતું. જો કોઈ વિદ્યાર્થી ખોટો માર્ગ અપનાવે તો તે હંમેશાં સાચો માર્ગ દેખાડતા. મારી શાળાના શિક્ષકો એવી જીવનલક્ષી પ્રવૃત્તિઓ કરાવતા જે આજે પણ મને યાદ આવે છે. ખરેખર અમારી શાળાના શિક્ષકો ખૂબ મહેનતુ અને કુશળ છે હતા. મને મારી શાળાએ ખૂબ ગૌરવભર્યું સ્થાન આપ્યું છે.

જો હું શાળાએ ન જતી હોત તો હું આજે આદર્શ મનુષ્ય, આદર્શ નાગરિક ન બની શકી હોત. મારા જીવનમાં શાળાનું મહત્ત્વ ઘણું બધું છે.

**" I Love My School. "**

હું તો એવું કહું છું કે દરેકના જીવનમાં શાળાનું મહત્ત્વ અને શાળા પ્રત્યે પ્રેમ હોવો જોઈએ.

**" I Proud of my School and Teacher "**

**પટેલ નેહલબેન સુરેશભાઈ**
**એફ.વાય.બી.એ. સેમ-૨, રોલ નં. ૬૩**

* * *

# જ્ઞાન સભર સરિતા ગીતા કર્મયોગ કવિતા ગીતા

જ્ઞાન સભર સરિતા ગીતા એટલે કે જ્ઞાન એ ભગવાન પાસેથી મળેલી માનવીને એક અમૂલ્ય ભેટ છે. જ્ઞાન માનવી ઈચ્છા અનુસાર પ્રાપ્ત કરી શકે છે. માનવી જેટલું પોતાનામાં ગ્રહણ કરવા માંગતો હોય તેટલું જ તે ગ્રહણ કરી શકે છે. માનવી પોતાની ઈચ્છા અનુસાર સારું જ્ઞાન કે ખરાબ જ્ઞાન વચ્ચે ભેદ સમજીને તે સારા જ્ઞાનનો સ્વીકાર કરી શકે છે. જ્ઞાનનો અર્થ આપણને સૌને દાદાજીએ ગીતાને કેન્દ્રમાં રાખીને ખૂબ સરસ રીતે સમજાવ્યો છે. જ્ઞાનનો અર્થ સરિતા સાથે સરખાવીને સારી રીતે સમજાવ્યું છે. જેમ કે સરિતા એટલે કે નદી. જેમ નદી કોઈ ગંદુ કે ખરાબ કચરો સ્વીકારી લેતી નથી તેમ માનવીએ પણ સારું જ્ઞાન જ સ્વીકારવું જોઈએ. જેમ નદી પોતાનામાં નાખેલો ખરાબ કચરો તે તેના કિનારા પર ફેંકી દે છે આ રીતે તે શુદ્ધ જ રહે છે, સાથે સાથે નદી પોતાનો સ્વાર્થ જોયા વગર જ તે બીજા માટે પોતાનું કર્તવ્ય નીભાવે છે. એ જ રીતે માણસે પણ પોતાનું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક નિભાવવું જોઈએ. જેમ નદી કચરો બહાર કાઢી ને ચોખ્ખી થઈને આગળ વહેતી જ રહે છે, જેમ નદી પથ્થરને આકાર પણ આપે છે તેવી જ રીતે ગીતા પણ માણસને આકાર આપે જ છે

**કર્મયોગ કવિતા ગીતાઃ** કર્મ એટલે શું ? કર્મ એટલે વ્યક્તિના જન્મથી મરણ સુધીની તમામ ક્રિયાને કર્મ કહી શકાય છે. તેમાં વ્યક્તિના તમામ કર્મો આવી જાય છે. પછી તે ખરાબ કર્મો હોય કે સારા કર્મો હોય. શ્રીમદ્‌ભગવદગીતાના ત્રીજા અધ્યાયની અંદર કર્મનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. અને તેમાં કર્મના

અલગ-અલગ પ્રકાર પણ પાડવામાં આવ્યા છે.

**૧) સ્વાભાવિક કર્મ :** જો આપણે આરામથી બેસીશું અથવા સૂઈ જઇશું તો પણ શરીરમાં ફેફસાં ચાલવાનાં જ અને શ્વાસોશ્વાસ ચાલવાનો જ છે. હૃદયની અને લોહીના પરિભ્રમણની ક્રિયા ચાલતીજ રહેવાની છે. જેમ કે શરીરના પ્રત્યેક કોષ જાગૃત અને જીવંત છે. આવા કર્મને સ્વાભાવિક કર્મ કહે છે.

**૨) નિયતકર્મ :-** આ કર્મ વિશે ગીતામાં કહ્યું છે કે વર્ણ અને આશ્રમનાં કર્મો નિયત કર્મો છે. સૃષ્ટિના વિકાસ માટે સર્જનહારે ગોઠવાયેલાં જે કર્મો છે તે નિયત કર્મો છે.

આવા અનેક પ્રકારનાં કર્મોનું વર્ણન ગીતામાં કરવામાં આવ્યું છે. અને ગીતામાં શ્રીકૃષ્ણએ કહ્યું છે કે દરેક કર્મનું ફળ મળે છે. માટે તું કર્મ કર ફળની આશા રાખીશ નહીં. આથી કહેવાય છે કે ગીતામાં વ્યક્તિના તમામ પ્રશ્નોનો જવાબ મળી રહે છે. આથી જ ગીતાનો સાર જીવનમાં ઊતારવો જોઈએ.

**- ઠાકર શિવાંગીબેન જિતેન્દ્રભાઈ**
**એફ.વાય.બી.એ. સેમી-૨, રોલ નં. ૯૦**

* * *

# કલરવની દુનિયા

કલરવની છે. આ દુનિયા મારા ભાઈ!
આ દુનિયા સાથે ચાલશો તો થશો ન્યારા.
સ્વાર્થની આ દુનિયા છે, મારા ભાઈ
સૌ ચેતીને ચાલજો મારા ભાઈ
કલરવની છે દુનિયા.....
સમયની સાથે ચાલજો મારા ભાઈ
નહિતર પાછળથી પસ્તાશો મારા ભાઈ,
આ દુનિયામાં માનવતા ને સ્નેહ છે.
ભાવના ને લાગણી વધારજો મારા ભાઈ
કલરવની છે દુનિયા.....
આ દુનિયામાં ડગલે ડગલે છે ભ્રષ્ટાચાર
સાચવીને ચાલજો મારા ભાઈ
આ દુનિયામાં ડલગે ડગલે છે અસ્વચ્છતા
સ્વચ્છતા તરફ વળજો મારા ભાઈ!
કલરવની છે દુનિયા.....

**- ગોવિંદ ઓઘડભાઈ પરમાર**
**બી.એસસી. સેમ.-૫, રોલ નં. ૩૧**

* * *

# માનવીની કુટેવો

એકવાર માણસે કોયલને પૂછ્યું, કોયલ તારામાં-
કાળાશ ન હોત તો તું કેટલી સારી હોત,
એકવાર માણસે સાગરને પૂછ્યું, સાગર તારામા
ખારાસ ન હોત તો તું કેટલો સારો હોત, વળી,
એકવાર માણસે ગુલાબને પૂછ્યું કે ગુલાબ તારામાં-
કંટક ન હોત તો તું કેટલું સારું હોત;
આ સાંભળી કોયલ, સાગર, ગુલાબ ત્રણેય એકસાથે
બોલી ઉઠયાં હે માનવી, તારામાં બીજાની ખામીઓ દોષો જોવાની કુટેવો ન હોત તો
તું કેટલો મહાન હોત.

**- વણકર મીતલ એ., બી.એ.સેમી-૪, રોલ નં. ૪૦**

* * *

# ગઝલ

શબ્દનો સાથ લઈને કાવ્યનો સંગાથ સાંધવા બેઠો છું,
શાંત જળનું ઝરણું બનીને દરિયાને આંબવા બેઠો છું.
બસ સાથે હોય કલમ, તો કશો નથી અહંકાર,
એ કલમના સાથ વડે શબ્દોને સાંધવા બેઠો છું.
તુટે છે રોજ કેટલાય શબ્દો મરડાઈને, તે શબ્દોને બાંધવા બેઠો છું.
'મા ' ને કહે 'મોમ' ને 'પપ્પાને ' કહે 'ડેડી' તે શબ્દોને નાથવા બેઠો છું.
ગુજરાતીના વિશાળ હૃદયમાં વસેલી ભવ્ય ગૂર્જર સંસ્કૃતિ,
જાણે લાગ્યો અંગ્રેજીનો લૂણો, તેને રોકવા બેઠો છું.
જરૂરી છે અંગ્રેજી શીખવું, પણ આપણી સંસ્કૃતિની યાદ અપાવવા બેઠો છું,
જ્યાં છે ગુજરાતી ત્યાં બની રહ્યું ગુજરાત,આપણી ભાષાનું રખોપું કરવા બેઠો છું.
બસ આટલી જ આશા કે આપણી સંસ્કૃતિ અમર રહે,
બાકી કલમ તણું હૃદય ને શરીર તણાં પુસ્તકમાં જીવ પુરવા બેઠો છું.


**- ગળિયા વિનોદ યુ, બી.એસસી. સેમ-૪, રોલ નં. ૧૬**

# હે મા તુજને મારાં વંદન

શરદ જાણે કે પાનખર, મા સ્નેહ તારો ભાવસભર
મા જાણે પ્રેમનું સરોવર, ના રહી શકું તારા વગર.. હે મા તુજને મારાં વંદન..
ભૂલ થઈ તો માફ કરે, વાગ્યું મને તો તું રડે
ચંપલ મને પહેરાવી, તાપે પોતે ચાલ્યા કરે...હે મા તુજને મારાં વંદન..
કોરાં પોઢણિયે મને સુવાડી, ભીને પોઢણ પાતે કરે,
દુઃખ મારું દેખી, મા અમી તારું ઝરે...હે મા તુજને મારાં વંદન..
દાઝી હાથે રોટલી બનાવે, મીઠાશ થકી તું ખવડાવે,
રડતો જાણી મને, દુનિયા સામે લડી આવે...હે મા તુજને મારાં વંદન
ના જોઈએ મીણબત્તી, સંગાથ તું મારે હતી
થાય જો અંધકાર, તો પ્રકાશ તું પાથરતી...હે મા તુજને મારાં વંદન.
રડું છું કોઈક ટાણે, દેખી મિત્રો મોજ માણે,
તું વ્હાલથી ગળે લગાવે, દુઃખ બધું દૂર જાણે...હે મા તુજને મારાં વંદન

**- ગળિયા વિનોદ યુ, બી.એસસી. સેમ-૪, રોલ નં. ૧૬**

* * *



‘ઓડીશા’ અંતર્ગત ‘માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫’ સેમિનારમાં ઉપસ્થિત પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી પ્રજેશભાઈ પરીખ તથા અન્ય મહાનુભાવો.



‘માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫’ સેમિનારનું દીપ પ્રાગટય કરી ઉદ્ઘાટન કરતા મંડળના પ્રમુખશ્રી પ્રજેશભાઈ પરીખ તથા અન્ય મહાનુભાવો



માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અંગે માહિતી આપતા માહિતી અધિકારીશ્રી



‘વ્યસન મુક્તિ’ અભિ[illegible] અંતર્ગત વ્યસનમુક્તિ અંગે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવતા સંસ્થાના આચાર્યશ્રી ડૉ. વિમલ જોષી



બાયોલોજી વિભાગ દ્વારા આયોજિત ‘અબોલા જીવ બચાવો અભિયાન’ અંતર્ગત વિદ્યાર્થીઓને માહિતી આપતા R. F. O. શ્રી રાજ્યગુરુ સાહેબ




‘સમાજ ચિંતન પત્રિકા’ નું વિમોચન કરતા આચાર્યશ્રી પ્રિ. વિમલ જોષી, સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. આઈ. એ. શેખ, પ્રા. પ્રતિક્ષાબેન શાહ તથા વિદ્યાર્થીઓ.



‘અંધજન શાળા’ મોગરીની મુલાકાત લેતા કોલેજના સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ



‘અંધજન શાળા’ મોગરીના બાળકો દ્વારા આયોજિત સંગીત સંધ્યા અને ગીત સ્પર્ધામાં સહભાગી થતા સમાજશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ.



'રક્તદાન શિબિર ' માં રક્તદાન કરતા કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો



'સ્વચ્છતા અભિયાન ' અંતર્ગત પેટલાદ રેલ્વે સ્ટેશનની સફાઈ કરતા કોલેજના એન.એસ.એસ અને એન.સી.સી ના સ્વયંસેવકો



'રક્તદાન શિબિર ' માં રક્તદાન કરતા કોલેજના વિદ્યાર્થી ભાઈ-બહેનો



'સ્વચ્છતા અભિયાન ' અંતર્ગત પેટલાદ રેલ્વે સ્ટેશનની સફાઈ કરતા કોલેજના એન.એસ.એસ અને એન.સી.સી ના સ્વયંસેવકો

**માણસ પૈસા બચાવે તે જરૂરી છે પરંતુ એ પૈસાથી માણસ માણસને બચાવે તે વિશેષ જરૂરી છે.**

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓનાં જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઊંચા શિખરોસર કરી, તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્નો કર્યો છે. આ ઉત્થાન માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To ______________________

From :
આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬